Navgujarat Samay

EDII

August 4, 2021
Page No.2

# હસ્તકળા કારીગરોને પ્રોત્સાહન આપવા ફિક્કી ફ્લો દ્વારા બે દિવસનો કાર્યક્રમ

## નેશનલ હેન્ડલૂમ ડેની ઊજવણી નિમિત્તે અમદાવાદ ફ્લો દ્વારા કોન્ક્લેવનું આયોજન : કારીગરોના ઉત્કર્ષ માટે પ્રયાસ

**નવગુજરાત સમય** > અમદાવાદ

કોરોના મહામારીમાં સૌથી વધુ સંઘર્ષ ગુજરાતના હસ્તકળા કારીગરોને કરવો પડ્યો છે. આથી ફિક્કી લેડીઝ ઓર્ગેનાઈઝેશનના અમદાવાદ ચેપ્ટર દ્વારા એક ડેટાબેઝ તૈયાર કરવામાં આવી રહ્યો છે. કારીગરોની યાદી સમગ્ર દેશની બિઝનેસ વીમેન સાથે વહેંચવામાં આવશે.

7 ઓગસ્ટના રોજ નેશનલ હેન્ડલૂમ ડેની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે અમદાવાદ ફ્લો દ્વારા એક કોન્ક્લેવનું આયોજન કરવામાં આવશે. તેમાં ગુજરાત સરકાર, ડિઝાઈનરો, વેપારીઓ અને હસ્તકળા ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. ગુજરાતની હસ્તકળાને પ્રોત્સાહન આપવાના હેતુથી આ આયોજન કરવામાં આવ્યું છે. આ ઈવેન્ટના કો-ઓર્ડિનેટર શિલ્પા પટેલે જણાવ્યું કે, 5 ઓગસ્ટના રોજ શરૂ થતી આ બે દિવસની ઈવેન્ટમાં ફેશન શોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે અમે સુજી, કાસોટા, ટાંગલીયા, મશરુ, અશવાલી અને ખાદીના ઓછા જાણીતા કારીગરોની એક યાદી બનાવી છે. જેમને ગુજરાતના વિવિધ ભાગમાંથી આમંત્રણ આપવામાં આવ્યું છે. રાજ્યની પાંચ ફેશન ડિઝાઈન ઈન્સ્ટિટ્યૂટ આ કળાઓને આધુનિક સ્વરૂપ આપીને રજૂ કરશે. જ્યારે 6 ઓગસ્ટે કોન્ક્લેવનું આયોજન કરવામાં આવ્યું છે.

ફ્લો અમદાવાદ ચેપ્ટરનાં ચેરપર્સન નંદિતા મુનશોએ જણાવ્યું કે અમે સરકાર સમક્ષ આ કારીગરોના ઉત્થાન માટે નીતિ ઘડાય તેની રજૂઆત સાથે એક અહેવાલ રજૂ કરીશું.

આ અંગે લઘુ અને ગ્રામ્ય ઉદ્યોગ કમિશનર રાકેશ શંકરનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું કે વિવિધ વિસ્તારની કળાઓના કારીગરો માટે ગુજરાતમાં પહેલાથી જ વ્યવસ્થા કરવામાં આવી છે. આન્ત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા સાથે પહેલાથી જ એક કાર્યક્રમ ચાલે છે જેમાં કારીગરોને ઉદ્યોગ સાહસિક બનવાની તાલીમ આપવામાં આવે છે. જ્યારે ઈડીઆઈમાં આ પ્રોજેક્ટના કો.ઓ. સત્ય રંજન આચાર્યએ જાણવું કે હસ્તકળા સેતુ અંતર્ગત અમે 13 ઈનક્યુબેશન સેન્ટર શરૂ કર્યા છે. તેઓ પોતાની કળા જાણે છે પરંતુ 18 મહિનાના આ પ્રોગ્રામમાં તેમને પોતાની કળામાં ટેક્નોલોજીનો ઉપયોગ કરવાની તાલીમ આપવામાં આવે છે.